# Chap-5 અજ્ઞાત બ્રાહ્મણ કવિ

સં. ૧૫૩૩ = ઇ.સ. ૧૪૭૭માં રચાયેલી અજ્ઞાત કવિની 'સિં. બ'ની સમયની દૃષ્ટિએ મલયની કૃતિની તદ્દન પાસેની છે. મુનિશ્રી પુણ્યવિજયજીના પ્રયાસથી ખંભાતના જૈન ભંડારમાંથી એની હસ્તલિખિત પોથી મળી આવી છે. એના ૩૪ પત્રોમાંથી પહેલાં ૨૪ પત્રોમાં 'સિં. બ'ની વાર્તા છે. એમાં ત્રીજું પત્ર ખૂટે છે. બાકીનાં પત્રોમાં લખાયેલી ૧૫૫ ચોપાઈની પંચદંડની ભાગની વાર્તાનો કવિ દેખાવડો લાગે છે.* કવિએ પુષ્પિકામાં જણાવ્યું છે તેમ આ 'સિં. બ' ગુરુઉપદેશ સાંભળ્યા પછી શ્રીપુરીમાં રચાઈ છે. આખી કૃતિમાં ક્યાંયે કવિના નામનો ઉલ્લેખ આવતો કે નથી. જૈન આચાર પ્રગટ થતો. કવિ વારંવાર ભગવાન વિષ્ણુ, હરિહર, મુકુંદ, ગોવિંદ, ઈશ્વર અને શંકરનો ઉલ્લેખ કરે છે તેથી આ કવિ જૈનેતર હોય એવો અભિપ્રાય બાંધી શકાય છે. જુઓ:-

'રાજ કાજ તિહિ વિક્રમ તણો, અતિ ગયા ભંજણ ભડવાઉ ।
કરી બીહલ કીધા ગોવિંદ, જસ પય સેવઇ નરપતિ વૃંદ ॥૨૫॥

આ કવિની રચનામાં પૂર્વકાલીન મલયચંદ્રની તુલનાએ છંદોવૈવિધ્ય વિશેષ છે. ચોપાઈ, દુહા, ગાથા અને શ્લોકનો પણ એણે ઉપયોગ કર્યો છે જ્યારે મલયે માત્ર ચોપાઈમાં આખી કૃતિ રચી છે. (મલયની ભારતીય વિદ્યાભવનમાંથી મળેલી પોથીની નકલ ઠીક ઠીક ખોટી થયેલી છે એટલે તેમાં લગભગ ૩૩ કડીઓ ક્ષેપક છે. એમાં દુહા, ગાથા અને શ્લોક જોવા મળે છે. કેટલીક વખત નકલ કરનાર લહિયાના કહેવાથી કે આપમેળે લહિયાએ આવી કડીઓ ઉમેરી હશે એમ લાગે છે.)

આ કૃતિની ભાષા ખૂબ જ સાદી અને ગદ્યાળવી છે. સંસ્કૃત ભાષા અને સાહિત્યનો તેમાં સારો પરિચય દેખાતો નથી. ભાષામાં ઓજસ, તેજસ્વિતા કે રસિકતા નથી, તેમ છતાં ભાષાનો પ્રવાહ સરળતાપૂર્વક વહ્યે જાય છે. છંદ ઉપરનું પ્રભુત્વ તેનું એક કારણ છે. આ કૃતિમાં ભાષામાધુર્ય, અલંકાર-પ્રાચુર્ય, પ્રસંગોને ખીલવવાની શક્તિ, ચારિત્ર્યચિત્રણ વગેરેની આકર્ષકતા નથી. કવિ માત્ર ત્વરિત ગતિએ પ્રસંગોનો ઉલ્લેખ કરીને જ આગળ વધે છે. વિક્રમના આગમન પહેલાં ~~આખ્યાનમાં આવેલા પ્રસંગો માત્ર એક જ કડીમાં પતાવી દીધા છે.~~

* કથા રચયિતા તરીકે પ્રમાણ, જે ડુંગર... ગંગા ન્હાઈ... કુંડલિદાસ કવિ દેખાવડે કહ્યું, બાકી કથા બિના દેખી રહ્યા...

રાઉતનું આણી અપમાંન, ભૂતલઈ ખાંડિઉ ખગુ હાંમ।
અવંતી રાજ ખૂણુ હઉં, તવ આવી વૈતાલઈ ગ્રહિઉ ॥૨૬॥

૬૬

આ વાર્તાઓ ઠીકઠીક ટૂંકી પણ છે. પહેલી વાર્તામાં ખીલાવટની અવકાશ હોવા છતાં કવિ માત્ર બાર કડીઓમાં (૬૧ થી ૬૪) વાર્તા પૂરી કરે છે. સમગ્ર કૃતિમાં કવિએ લગભગ બધે પ્રસંગો આ પ્રકારની ત્વરિત રીતે છે તેને પરિણામે વિસ્તાર, વર્ણનશક્તિ અને અલંકાર-સમૃદ્ધિ જેવી બાબતોમાં ઘણું ઓછું સત્ત્વ જણાયું છે. કેટલેક સ્થળે તો એની ભાષા વ્યવહારુ ગદ્ય કરતાં પણ સહેલી છે. ભાષામાં સૌંદર્ય લાવવાનો જાણે આ કવિ પ્રયત્ન જ કરતો નથી. બત્રીસમી વાર્તામાં ભોજ પુતળીઓને 'રાંડ' કહી સંબોધે છે ત્યાં તો ઔચિત્યનો અભાવ ખરેખર ખટકે છે.

આમ હોવા છતાં ક્યાંક ક્યાંક વર્ણન-સૌંદર્ય જોવા મળે છે. પ્રથમ વાર્તાના પ્રારંભમાં આવતું શ્મશાન, પ્રેત અને મડાંનું વર્ણન ઉચિત છે:-

કાલી ચૌદસિ કેરિ રિત્ત, રાજ જોગી પુહુતા રત્તિ।
મઝિમ રયણી ઘોર અંધાર, મસાણિ રાય દીસઈ અંધાર ॥૪૭॥
નીલા સરણા કણયર માલ, કરિ કાતી ખપાડી માલ।
ઓઢણી માલ બિહું દિસિ ફરિ, કાયર નર દેખીનઈ મરઈ ॥૪૮॥
ભૂત પ્રેત નાચંતિ ઓરિ, હમહમ હસઈ હસઈ કરિ ધીંગ।
આલસ માંડી ઊઠઈ મડાં, કોઈ લાંબાં કોઈ ટૂંકડાં ॥૪૯॥
કો કહિ બાંધ્યા ઊભા રહઈ, હસઈ ગાઈ કે રીણિઉં કહઈ।
બાલઈ ચૈત્ર કુંડઈ હામ, હાર્યે સીસ વલી મુહિ માંસ ॥૫૦॥
ભયંકર રૂપ બનાઈ રડવડઈ, વાઈ ડાકલાં જગડગ કઈ (?)
મહા રૌદ્ર દીસિ વિકરાલ, હોમ કુંડ સાંભ્યા(?)તતકાલ ॥૫૧॥

ત્રીજી વાર્તામાં ઓજ્ઝપાલિકની રાણીનો વિલાપ સારો છે:-

મૃગનયણી ધરણી ઢલી, પ્રાણ પ્રાણ પભણંતિ।
રાણી વિલાસઈ કામિની, મહિલી જિમ ઝુરંતિ ॥૬॥
શીતલ વાએ જાગવી, ઝુરિ મનિ વિરહેણ।
વિરહ દવાનલ પરજલિઉ, ઝૂઝ મંડિઉ નયણેણ ॥૭॥
હા હા દેવ તિં શું કીધું, કાંઈ મૂકી નિરધાર।
ઝૂરઈ કામિની એકલી, મોડઈ હૈયાનુ હાર ॥૮॥

વિલવિલ વિલખાં કરે, મનસૂં ઝૂરે આપ ।
દીવઈ દોઈ ઊલંભડા, વળીવળી કરે સંતાપ ॥૯॥
નવલઈ પ્રેમ ચૂંપ ઢૂંકિ, કહિ છઈ જીવન જીવ ।
હીંડિ ન કાંઈ શૂં કરું, ઈમ પાડઈ બેસી રીવ ॥૧૦॥
મનહર વિરહ પ્રજ્વલઈ, ગીતઈ સાંભઈ સાહિ ।
કહઈ છઈ જીવન વલ્લભહ છઉં, એકવાર દઈ સાદ ॥૧૧॥
પવન પુરિ પડ વાળડી, હિવ હું હોઈસિ છાર ।
તિણિ દિસિ ઝડી જાઈજે, જિણિ દિસિ ભરતાર ॥૧૨॥

— છેલ્લી કડીની કલ્પના ખૂબ જ સુંદર અને રસિક છે. સ્ત્રીઓની ચેષ્ટાનું, નવમી વાર્તામાં કવિ સુંદર વર્ણન કરે છે:—

મહિલ મણિ થણ નયનના, રસીયા જાણે વેધ ।
બાલણિ તું લાગત મલઈ, કાગ ન મેલઈ કુવેધ ॥૭॥
નારી નયણનુ નિરખતી, આણી અંજન રેહ ।
પિસિ કમાણી કુરલીઉં, જાણે ઊનમ્યો મેહ ॥૧૦॥

છઠ્ઠી વાર્તામાં તાપસ યોગભ્રષ્ટ થાય છે તે નિરૂપણ કવિ એક જ પંક્તિમાં વર્ણન કરી છે, ત્યાં અપ્સરાનું થતું આગમન અને લોકવાણીની રીતિ પ્રગટ થાય છે:—

રમઝમ કરતી દેખય રાણિ, તાપસઈ માંડિઉ ઝૂંડી આણિ ॥૫॥

કવિ અલંકારોનો ઉપયોગ ખૂબ ઓછો જ કરે છે તેમ છતાં કોઈક વખત સારો અલંકાર રજૂ કરી શકે છે. ચોથી વાર્તામાં અબુધ બ્રાહ્મણની સ્થિતિને લલિત ઉપમા દ્વારા રજૂ કરે છે:—

નિવસઈ બ્રાહ્મણ કોઈ વૃન્દાવન, જાણઈ વેદ પુરાણ વખાણ ।
વિણ ભેદા તે જાણ અજાણ, કંઠ વિહૂણિ જિમ હુઈ ગાન ॥૨॥

સાતમી વાર્તામાં વિક્રમનો અગ્નિકુંડમાં 'પતંગની પેરે ઝંપાપાત' કરતો દર્શાવ્યો છે.

કવિને હિંદીનો કંઈક પરિચય હશે એમ એકાદ બે રચનાઓ હિંદીના પ્રભાવમાં નાખ્યાં છે તે પરથી લાગે છે. જેમકે:— ઝૂગી ભાંતી હીયાકી રતી । (વાર્તા ૨૯, કડી ૧૬)

આ કવિ બીજી રીતે રસિક માહિતી પૂરી પાડે છે. એમાં સામાન્ય સિદ્ધાંતો જોઈએ એટલાં છે. આવતી વાર્તા દ્વારા પણ સાહસ વિષેના દુહા ભરપૂર પાર આવે છે. એમાં ગહન ચિંતનની અપેક્ષા રાખવી વ્યર્થ છે પણ સામાન્ય વાચકોને લાભ આપે પ્રેરણા આપે તેવાં સામાન્ય સૂત્રો તો મળી રહે છે. સાતમી વાર્તામાં શિર વિનાનાં નરનારીને સજીવન કરવા વિક્રમ પોતાનો શિરચ્છેદ કરવા તૈયાર થાય છે ત્યારે કવિ કહે છે:-

સાહસ લગઈ સાહૂ મછઈ, સાહસ વડુ સંસાર ।
વિક્રમ વિણ સાહસીક નર, કો જાણઈ સંસાર ॥૧૦॥

તેમજ પંદરમી વાર્તામાં:-

સાહસિ સહૂઈ પામીઈ, સાહસ વડુ સંસાર ।
સાહસ રહિત માણસાં, કાં સરજ્યાં કરતાર ॥ ૪॥

૨૯મી વાર્તામાં પણ સાહસ વિષે આવો જ દુહો આવે છે. ૨૦મી વાર્તામાં 'કાયા નગરી કારજો'નું વર્ણન સારું છે. ૨૬મી વાર્તામાં મોહ વિષે દષ્ટાંતયુક્ત ઉપમાવાળા સરસ દુહા આપ્યા છે:-

લોભ મોહે નવિ મૂંકીઈ, જાણઈ તણા વિનાસ ।
નરગ ભણી જે ચાલિયા, દૈવ તણા એ પાસ ॥૫॥

સાંજ સમઈ જિમ પંખિયાં, રંગિ વિ મિલિ અપાર ।
દહ દિસિ જાઈ ઊડિયાં, તિમ નર એ સંસાર ॥ ૬॥

(મૂળમાં આ છઠ્ઠી કડી સાતમી લખી છે તે સરતચૂક છે)

કવિ કેટલેક સ્થળે સૂક્ષ્મ નિરીક્ષણ અને વાસ્તવિક નિરૂપણથી અર્થવાહી અને બલિષ્ઠ ચિત્રો આપી શકે છે:-

કોઈ ન માનઈ કેહની વાત, બાલણ વહુઅર બીજી માત ।
મહા માહિ તિ મૂંકિ લાજ, માહેઈ કરઈ તે ભૂઆ ભાત ॥૩॥
બારૂની પરિ ઝુલ્લઈ નયણ, માહોમાહિ વારઈ વયણ ॥૮॥
- - - - - - - -
(વાર્તા-૩)

કેટલીક વાર કેવળ એક જ પંક્તિમાં ભાવ અને ક્રિયા દર્શાવતું આખું ચિત્ર દોરાઈ જાય છે:-

૬૯

"હાડી થાંડ ઉં કાઠિઉ કાલ, પગિ લાગ્ગિઉ આગીઉ વેતાલ ॥૪૫॥
( પ્રેમ વાર્તા )

એકંદરે જોતાં મલયચંદ્રની 'સિં.બ'માં ભાષાની રસિકતા, સૌષ્ઠવ અને કાવ્યમયતા વધારે છે, તો આ અજ્ઞાત કવિની કૃતિમાં સરલતા વધારે છે. સાથે સાથે એ પણ સ્પષ્ટ છે કે આ કવિએ જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે અને અસરકારક રીતે પોતાની કૃતિમાં તેનો ઉપયોગ કરે છે.

જૈન અસરથી મુક્ત એવી આ પહેલી જ ઉપલબ્ધ 'સિં.બ' છે. એમાં હિન્દુ પુરાણ કથાના દેવો પ્રત્યે આદર અને ભક્તિભાવ જોવા મળે છે. કેટલાંક સામાન્ય વિધાનો પણ ધ્યાન ખેંચે છે. છંદોનું વૈવિધ્ય પણ ધ્યાન ખેંચે એવું છે, એક છંદ પૂરતી એકતાનતાની (Monotony) ફરિયાદ કરવાનું રહેતું નથી; તેમ છતાં અલંકારની દૃષ્ટિએ આ કૃતિ મલયચંદ્રની 'સિં.બ' સાથે મૂકી શકાય તેવી લાગતી નથી.

કવિએ સભાનપણે કૃતિને રસિક બનાવવાનો, પ્રસંગોને બહેલાવવાનો અથવા વાગ્વિલાસ કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેને તો માત્ર સાદી રીતે વાત કહેવાની જ લગની હોય એવું દેખાય છે. એકંદરે આ કૃતિ તેથી સાહિત્યગુણની દૃષ્ટિએ, મલયચંદ્રની 'સિં.બ' જેટલી આકર્ષક લાગતી નથી તેમ છતાં કવિની વિશેષતા સાહસ વિષેના દુહાઓમાં, એનાં તાત્વિક વિધાનોમાં, લોકજીવનના નિરીક્ષણના ટૂંકા, સરલ અને છતાં સચોટ નિરૂપણમાં તેમ જ એકાદ બે અલંકારયુક્ત કલ્પનાઓમાં જોવા મળે છે. એ રીતે આ જૈનેતર કવિ આ વિષય ઉપર લખાયેલી અનેક કૃતિઓની પરંપરામાં સામાન્ય છતાં નોંધપાત્ર એવી કૃતિનો રચયિતા છે.